# સ્ટેચ્યુ ઓફ યુનિટિના લોકાર્પણ પ્રસંગે ૨૩ ગ્રુપોના ૯૦૦ કલાકારોનો રોડ શો

રાજપીપળા,તા.૨૨

વિરાટ સરદાર પ્રતિમાના લોકાર્પણના દિવસે ૨૩ કલાકાર જૂથો પોતાની કલા રોડ શો માં પ્રદર્શિત કરશે. વિશ્વનું સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમાનું વડાપ્રધાનના હસ્તે તા.૩૧મીએ લોકાર્પણ થશે. આ પ્રસંગે રાજયભરમાંથી ૯૦૦ કલાકારોના ૨૩ જુથ આવનાર છે.

## તા. ૨૭ થી કલાકારો પ્રતિમા સ્થળે રિહર્સલ શરૂ કરશે : સાત બેન્ડ પણ સાથે જોડાશે

ગુજરાતમાંથી રાજ્ય સ્તરની ૬ ગ્રુપો પણ આ સ્થળે હાજર રહેશે. આ ગ્રુપો સરદાર પ્રતિમાના માર્ગે ઉપર રોડ શો કરસે અને પોતાના રાજયની કક્ષા અને સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિઓ રજૂ કરશે. દેશભરમાંથી આ ઉપરાંત સાત બેન્ડ આવનાર છે. જેમાં પોલીસ બીએસએફ, એરફોર્સ, એસઆરપી સહિતના જૂથોના બેન્ડ આવનાર છે. આ તમામ જૂથો આગામી ૨૫ તારીખે સાંજ સુધી વડોદરા નજીક દાદા ભગવાન આશ્રમ ખાતે પહોંચશે. ત્યાંથી આ જુથો ૨૭ તારીખથી સરદાર પ્રતિમા પાસે રિહર્સલ કરશે અને ૩૧ તારીખે આ તમામ ૯૦૦ કલાકારો રોડ શો કરી આમંત્રિતો અભિભૂત કરશે.

GUJARAT SAMACHAR
23 OCT 2018